જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૪/૦૩/૨૦૧૬ સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-** સમાચાર યાદી નં.૪૮૧/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૧ કેસ કરી ૨૭ વ્યક્તિઓને ઝડપી ૨૫૫ લીટર દેશી દારૂ, ૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૨૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧૨૦ બિયર ટીન કબજે કર્યા હતા.તેમજ જુગાર ધારા હેઠલ ૩ કેસ કરી ૧૪ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૧૮,૯૬૧/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** સમાચાર યાદી નં.૪૮૨/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૯૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહી.૯૩ મુજબ ૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**બળાત્કારની ફરીયાદઃ-** સમાચાર યાદી નં.૪૮૩/૧૬

કૃષ્ણનગરઃ તા.૧૦/૩/૧૬ કલાક ૧૧/૦૦ થી ૧૧/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન આરોપી અશોક જીલેદાર પ્રજાપતિએ પાડોશમાં રહેતી પાંચ વર્ષની બાળાને આરોપીના ઘરમાં લઈ જઈ અપકૃત્ય કર્યુ હતુ. આ અંગેની ફરીયાદ બાળાની માતાએ તા.૧૩/૩/૧૬ નારોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી સી આર સંગાડા ચલાવે છે.

**અપહરણની ફરીયાદઃ-** સમાચાર યાદી નં.૪૮૪/૧૬

કૃષ્ણનગરઃ અશોકભાઈ કાંતીભાઈ પટેલ (રહે.ઈન્દ્રજીત સોસાયટી નિકોલ રોડ ઠક્કરનગર કૃષ્ણનગર) એ તા.૧૩/૩/૧૬ નારોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૩/૧૬ કલાક ૬/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરથી ઠક્કરનગર ચાર રસ્તા વચ્ચેથી પોતાના પુત્ર ચિરાગ (ઉ.વ.૧૭) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી સી.આર.સંગાડા ચલાવે છે.

**ઘરફોડઃ-** સમાચાર યાદી નં.૪૮૫/૧૬

બાપુનગરઃ નંદકિશોર સુબેદાસિહ ચૌહાણ (રહે.ઉમંગ ટેનામેન્ટ કિર્તી ડેરીની પાછળ હિરાવાડી રોડ બાપુનગર) એ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૩/૧૬ રાતના ૯/૩૦ થી તા.૧૩/૩/૧૬ કલાક ૫/૪૫ વાગ્યા દરમ્યાન બાપુનગર એપ્રોચ રોડ સન એન્ડ સન હેલ્થ ક્લબની સામે શિવમ ટ્રેડીંગ કંપની નામની પાન-મસાલા સિગારેટ સોપારીની હોલસેલની પોતાની દુકાનના શટરના તાળા તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી સીગારેટના બોક્સ,આર.એમ.ડી.પાન મસાલા પાઉચ અને ડ્રોઅરમાંથી રોકડ રૂપિયા ૮૭૦/- મળી કુલ રૂપિયા ૧,૪૭,૩૨૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.કે લાડવા ચલાવે છે.

સોલા હાઈકોર્ટઃ વિનયભાઈ બીપીનચંદ્ર ગૌસ્વામી (રહે.પારસમણી ફ્લેટ રત્નાપાર્ક ઘાટલોડીયા) એ તા.૧૩/૩/૧૬ નારોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૨/૧૬ કલાક ૧૨/૦૦ થી તા.૧૨/૩/૧૬ સાંજના ૫/૦૦ વાગ્યા સુધીનાં સમયગાળા દરમ્યાન ગુજરાત હાઈકોર્ટ ખાતે નવી બનતી જ્યુડીશિયલ એકેડેમી સંકુલમાં હેસ્ટેલ બિલ્ડીંગ બીજા માળેના રૂમના બારીનો કાચ કાઢી અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, સોની કંપનીના ૩૨ ઈંચના એલ.ઈ.ડી.ટી.વી. નંગ-૧૦ કિંમત રૂપિયા ૨,૪૭,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પોસઇશ્રી એસ આર મેઘાણી ચલાવે છે.

<u>વાહન ચોરીઃ-</u> <u>સમાચાર યાદી નં.૪૮૬/૧૬</u>

વેજલપુરઃ અપ્પુજી ભેરાજી વણઝારા (રહે.ગાયત્રીમાતાની ચાલી ગુપ્તાનગર વાસણા) એ તા.૨૬/૨/૧૬ રાતના ૯/૦૦ વાગે રહેણાંક નજીક પોતાનુ મહિન્દ્રા કંપનીનુ ટ્રેક્ટર નંબર જીજે ૧૮ બીડી ૩૨૨૮ કિમત રૂપિયા ૩,૫૦,૦૦૦/- સાથે ટ્રેલર કિમત રૂપિયા ૫૦,૦૦૦/- પાર્ક કર્યુ હતુ. જેની ચોરી તા.૨૭/૨/૧૬ કલાક ૫/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ અપ્પુજી વણઝારાએ તા.૧૩/૩/૧૬ નારોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ વેજલપુર પોલીસ ચલાવે છે.

આનંદનગરઃ દિનેશભાઈ ઓમપ્રકાશ મલ્હોત્રા (રહે.અશ્વરાજ બંગલોઝ પ્રહલાદનગર કોર્પોરેટ રોડ આનંદનગર) એ તા.૧૩/૩/૧૬ નારોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૪/૩/૧૬ રાતના ૮/૪૫ વાગે રહેણાંક નજીક પાર્ક કરેલ પોતાની સેન્ટ્રો કાર નંબર જીજે ૧૮ એસી ૨૭૫૪ કિમત રૂપિયા ૧,૫૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી બી રાણા ચલાવે છે.

<u>ચોથા માળેથી પડી જતાં મૃત્યુ :-</u> <u>સમાચાર યાદી નં.૪૮૭/૧૬</u>

ચાંદખેડાઃ દીપીકાબહેન ચેતનભાઈ રાણા (ઉ.વ.૨૯) (રહે.દીપભુમી એપાર્ટમેન્ટ ચાંદખેડા) તા.૧૩/૩/૧૬ રાતના ૧૨/૦૦ વાગ્યાના સુમારે ગભરામણ થતા રહેણાંકના ચોથા માળે ધાબા ઉપર ગયા હતા. જ્યાં અચાનક ચક્કર આવતા નીચે પડતા દીવાલ સાથે અથડાતા ચોથા માળેથી નીચે પટકાઇ જતાં ગંભીર ઈજાઓ થતા સારવાર માટે એપોલો હોસ્પીટલ લઈ જતા સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એમ કે બાંગા ચલાવે છે.

<u>આત્મહત્યાઃ-</u> <u>સમાચાર યાદી નં.૪૮૮/૧૬</u>

શહેરકોટડાઃ વિજયભાઈ વરૂભાઈ ભરવાડ (ઉ.વ.૩૮)(રહે.બાઈ રૂખીની ચાલી પુષ્પરાજ એસ્ટેટની સામે સરસપુર) એ નોકરી નહી મળતા લગ્ન ન થતા હોઈ મનમાં લાગી આવતા તા.૧૨/૩/૧૬ સાંજના ૭/30 વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે પોતાના શરીર ઉપર કેરોસીન છાંટી સળગી ગયા હતા. સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન કલાક તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ગણપતસિહ વખતસિહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.